# રામાયણના મુખ્ય નારીપ્રધાન પાત્રોનું મનોવૈજ્ઞાનિક અધ્યયન

બારડ વજુભાઈ પ્રતાપભાઈ
એમ.એ., બી.એડ્.સંસ્કૃત
શોધછાત્ર (પીએચ.ડી)
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

- **વાલ્મીકિ રામાયણનો પરિચય :**

ભારવર્ષના સૌથી પ્રાચીન મહાકાવ્યોમાં જેમની ગણના થાય છે. લોકો દ્વારા વંદનીય છે. આદર્શ ગણે છે. સન્માનનીય છે. તેવા મહાકાવ્યો એટલે મહાભારત અને રામાયણ. વૈદિક સંસ્કૃતિની ઐશ્વર્યપૂર્ણ ભાવના જેમાં પ્રતિધ્વનિત થતી જોવા મળે છે. આવું રામાયણ સંસ્કૃત સાહિત્યમાં શીરમોર છે. આજે દુનિયાની વિવિધ ભાષાઓ, ભારતની દરેક પ્રાદેશિક ભાષાઓમાં વિદ્યમાન રામાણયની એક શ્રેષ્ઠ ગણના થાય છે. રામાયણની કૌટુંબિક ભાવના આજના લોકોનો આદર્શ બનતો જોવા મળે છે.

ભારતની અસ્મિતા, સંસ્કૃતિ અને સંસ્કારના વારસાને વિશ્વ પ્રસિદ્ધ કરનાર રામકથાની વિકાસયાત્રા અવિરત છે. રામાયણ બીજા બધા કાવ્યો કરતાં વધારે પ્રભાવી છે. કારણ કે એ સીધું જ માનવી જોડે સંકળાયેલું છે. વાલ્મીકિ રામાયણને સંસ્કૃત સાહિત્યના આદિકાવ્ય અને ભારતીય સંસ્કૃતિનો આધાર સ્તંભનો આદર પ્રાપ્ત થાય છે. રામાયણ ભારતીય સાહિત્યમાં બહુમુખીરત્ન જેમ આદરણીય છે. સ્વામી વિવેકાનંદે કેલિફોર્નિયાના પેસાડો શહેરની શેકસપિયર કબલમાં ઈ.સ.૧૯૦૦ના જાન્યુઆરીની ૩૧ ના રોજ આપેલા રામાયણ વિશેના વ્યાખ્યાનમાં કહ્યું કે, ‘‘પ્રાચીન હિન્દુઓના રીતિ–રિવાજો, સામાજિક સ્થિતિ જે સંસ્કૃતિમાં સમાવિષ્ટ થાય છે. જેમાં સૌથી પ્રાચીન મહાકાવ્ય રામાયણ છે. આ ગ્રંથના રચયિતા વાલ્મીકિ ઋષિ છે. આ પ્રાચીન કવિની સાથે ઘણી બધી કાવ્યમય કથાઓ જોડાયેલી છે.[1] વાલ્મીકિ રામાયણ ગૃહસ્થધર્મનું પ્રતિક આપણું રાષ્ટ્રીય મહાકાવ્ય અને ભારતીય હૃદયનો ઉચ્છ્વાસ છે.[2] વાલ્મીકિએ કેટલાય વર્ષો સુધી તપશ્ચર્યા કરી સમાધિસ્થ રહ્યા તેમના ઉપર વલ્મીક (રાફડો) થઈ ગયો હતો તેમાથી તે બહાર આવ્યા એટલે તેમનું નામ વાલ્મીકિ પાડવામાં આવ્યું અયોધ્યા નજીક એનો આશ્રમ

1 સ્વામીવિવેકાનંદ, રામાયણ–મહાભારત અને સંતકથા, પૃ.૧
2 બલદેવ ઉપાધ્યાય, સંસ્કૃત સુકવિ સમીક્ષા–પૃ.૧૦

હોવાનું માનવામાં આવે છે.[3] નારદના સંપર્કથી એનું ધ્યાન રામ પ્રત્યે કેન્દ્રિત થયું. એકવાર આશ્રમની નજીક તમસા નદીના તટ પર દર્ભ લેવા અને પૂજા કરવા માટે વાલ્મીકિ ત્યાં ગયા. નદીના કિનારાના રમણીય તટ પર સુંદર અને પવિત્ર ઘટાદાર વૃક્ષોની સ્નિગ્ધ છાયામાં પ્રસન્ન ચિત્તે ધૂમી રહ્યા હતા અને અચાનક કોઈ શિકારીએ ઋષિની સન્મુખ જ એક રતિમગ્ન એવા ક્રૌંચયુગલમાંથી નરક્રૌંચનો શિકાર કર્યો. પૃથ્વી પર પડેલા અને મૃત્યુ નજીક એવા પોતાના પ્રિયને જોઈને માદા વિલાપ કરવા લાગી આ દ્રશ્ય જોતા ઋષિનું અંતઃકરણ કરુણાસક્ત થઈ ગયું અને તે બોલી ઉઠયા “હે નિષાદ્ !તું દિર્ઘકાળ સુધી પ્રતિષ્ઠિત નહી રહી શકે. કારણ કે પ્રેમમગ્ન એવા ક્રૌંચયુગલમાંથી એકનો તે વધ કર્યો છે.”[4] ત્યારબાદ કરુણાના આવેગમાં પોતાના મુખમાંથી નિકળેલા લયબદ્ધ શબ્દોથી આર્દચિત ઋષિને સ્વયં બ્રહ્માજીએ આવીને અનુષ્ટુપ છંદમાં રામનું ચરિત રચવા આદેશ કર્યો.

વાલ્મીકિના આ મહાકાવ્યમાં ૫૦૦ સર્ગોમાં ૨૪૦૦૦ શ્લોકોની રચના કરવામાં આવી છે. જેનો ઉલ્લેખ વાલ્મીકિ રામાયણમાં છે. આમાં કેટલાક શ્લોક ૩/૩ પંક્તિમાં પણ છે. કયારેક એવું પણ બને કે પંકિતઓની ગણના ૨૪,૦૦૦ હોઈ શકે અને સર્ગ ૫૦૦ થી પણ વધારે. એનું કારણ પ્રેક્ષપ હોય કે લહિયાઓની વધારે કે ઓછી સંખ્યા હોય. રામાયણના રચયિતા ઋષિ વાલ્મીકિ છે. એ પ્રાચીન પરંપરા છે. આના સિવાય કોઈ ઐતિહાસિક કે આધારભૂત માહિતી આમા પ્રાપ્ત થતી નથી. પરંતુ, રામાયણની ફલશ્રુતિ (યુ.કા.૧૨૮/૧૦૫) સિવાય એની પ્રામાણિક આવૃત્તિમાં વાલ્મીકિના કયાંય સંકેત મળતા નથી. એના જન્મ, કર્મનું સ્થળ, સમયના વિશે કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી. જે મળે છે કે તે છે લૌકિક દંતકથાઓ.[5]

કવિવર રવિન્દ્રનાથ ટાગોરના મતે “રામાયણના લેખકનું નામ વાલ્મીકિ ન હતું. ત્રણ વાલ્મીકિનો ઉલ્લેખ મળે છે. (૧) વૈયાકરણીય વાલ્મીકિ, (૨) સુપર્ણ વાલ્મીકિ, (૩) મહર્ષિ વાલ્મીકિ,[6] ડૉ.મંજૂલા સહદેવે ૮ વાલ્મીકિનો નિર્દેશ પણ કર્યો છે.[7]

---

3 વાલ્મીકિ રામાયણ સર્ગ, ૫ અને ૬

— રઘુવંશ કાલિદાસ,૧૪/૫૨/૭૬, વાલ્મીકિનો આશ્રમ તમસા તીરે સ્વીકારે છે.

— ભવભૂતિના ઉત્તરરામચરિત, ૧, પદ્મપુરાણ (પાતાલ ખંડ–૬૬), બૃહદ્દધર્મપુરાણ(પૂ.ભાગ અધ્યાય–૯)વગેરે અહીં સીતાને લક્ષ્મણ ગંગા કિનારે મૂકીને ચાલ્યા જાય છે. તે સ્વીકારે છે.

— બીજો મત–વાલ્મીકિનો આશ્રમ ચિત્રકૂટ માને છે. જેમ કે અધ્યાત્મ રામાયણ, ૨/૬/૪૩, રામચરિતમાનસ, ૨/૧૦૬/૧૩૩ અભિનવરાઘવ વગેરે.

4 मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वती समाः ।
यत्क्रौञ्चमिथुनादेकम् अवधिः काममोहितम् ।।वा.रा.१/१

5 વાલ્મીકિ રામાયણ, યુદ્ધકાંડ, ૧૨૮/૧૦૫

6 રવિન્દ્રનાથ ટાગોર, “પ્રાચીન સાહિત્ય, અનુવાદ, મહાદેવ દેસાઈ અને નરહરિ પરિખ, પૂ.૪

7 ડૉ.મંજુલા સહદેવ, ‘વાલ્મીકિ રામાયણના છંદ વિશ્લેષણ હિન્દી’, પૃ.૫ થી ૧૦

વાલ્મીકિએ રામના રઘુવંશની કથાઓને ૭ કાંડમાં વિભૂષિત કરી છે. (૧) બાલકાંડ, (૨) અયોધ્યાકાંડ, (૩) અરણ્યકાંડ, (૪) કિષ્કિન્ધાકાંડ, (૫) સુંદરકાંડ, (૬) યુદ્ધકાંડ, (૭) ઉત્તરકાંડ.

- **વાલ્મીકિ રામાયણની કુટુંબ ભાવના :**

કુટુંબ ભાવના અને સામાજિક ભાવનાના આદર્શને પ્રતિબિંબિત કરનારી રામાયણની પાત્રસૃષ્ટિ ભારતીય સંસ્કૃતિની સ્ફટીકમાલા જેવી છે. રામાયણમાં પ્રત્યેક કુટુંબ આદર્શ ગૃહસ્થાશ્રમનું પ્રતિક હતું. હરેક ઘરમાંથી શાંતિ અને સમાધાનના સૂરો નીકળતા જોવા મળતા आतिथ्य......જ્યાં આતિથ્ય શિવપૂજા, સજ્જનોની સંગત વગેરેની સાથે તેઓનું ગૃહસ્થાશ્રમ ધન્ય હતું. વર્ગવિગ્રહ હતો નહીં, દિકરાઓ શુદ્ધ બુદ્ધિના અને આજ્ઞાકિત હતા. સ્વાર્થી કે લોભી મિત્રો ન હતા. માલિકનું હૃદય ઓળખનારા અને આજ્ઞાપાલક નોકરો હતા. સ્ત્રી–પુરુષનો સંબંધ નિસર્ગના નિયમ પ્રમાણે ચાલતો હતો. રામકાળનો સમાજ પૂર્ણ વિકસીત હતો. દરેક લોકો પોતાનો બૌદ્ધિક, માનસિક અને શારીરિક વિકાસ કરવા પ્રયત્ન કરતા કુટુંબ સંસ્થામાં "અતિથી દેવો ભવ"ની પ્રણાલી હતી.[8] રામકાળમાં "यत्र नार्यस्तु........ જ્યાં સ્ત્રી સન્માન છે. ત્યાં દેવોનો વાસ છે." આવી ભાવના લોકોમાં હતી જેથી તે સ્ત્રીઓની ઉત્કૃષ્ટ અવસ્થા હતી.[9] રામાયણનો વર્ણ્ય–વિષય ગૃહસ્થાશ્રમ જ છે. કૈકેયી અને મંથરાએ રાજકુલ વિચ્છિન્ન કરવા પ્રયત્ન કર્યો પણ ભરત વગેરે ભાઈઓ અને કૌશલ્યા વગેરે માતાઓનો પ્રેમ એક સરખો રહ્યો એ જ રામાયણના ગૃહસ્થાશ્રમની અભેધતા અને દ્રઢતા જોવા મળે છે.

- **વાલ્મીકિ રામાયણના નારીપ્રધાન પાત્રો :**

વાલ્મીકિ રામાયણના ઘણા બધા નારી પાત્રો છે. જેમાં કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી, સીતા, ઉર્મિલા, મંદોદરી, અનસૂયા, શબરી, સુર્પણખા, તારા, ત્રીજટા જેવા અનેક પાત્રો જોવા મળે છે. જેમાં સીતા, કૈકેયી, કૌશલ્યા અને સુમિત્રા જેવા નારી પ્રધાનં પાત્રોની વિશેષતા ઘણી વર્ણનીય છે.

(૧) **કૌશલ્યા :**

રામાયણમાં મહર્ષિ વાલ્મીકિએ કૌશલ્યનું ખૂબ જ સુંદર વર્ણન કર્યું છે. રામના જીવન ઘડતરમાં કૌશલ્યનો ખૂબ જ મોટો ફાળો હતો. તે અતીપ્રેમાળ અને સુશીલ સ્ત્રી હતી. સપત્ની જોડે તેનો સંબંધ સગી બહેન જેવો હતો. કૈકેયી કયારેક કૌશલ્યાનું અપમાન કરે, પણ કૌશલ્યા તેને ધ્યાનમાં ન લેતા અને ઉપરથી કેતા "કુટુંબમાં માન અપમાન કેવું ? કુટુંબ એક એકમ છે. બહેનો ને કદી બીજી બહેનનું અપમાન લાગે ?" આવી રીતે તે આદર્શ કુટુંબ વ્યવસ્થાની જન્મદાત્રી હતી. કૌશલ્યા આદર્શ, પ્રેમાળ અને ઉદાર મનવાળી

8 પરમ–પૂજનીય પાડુરંગ શાસ્ત્રી, આઠવલે, વાલ્મીકિ રામાયણ દર્શન, સદ્‌વિચારદર્શન નિર્મળ નિકેતન કટુંબ સંસ્થા, પૃ.૪૬

9 यत्र नार्यस्तु पूज्यन्ते.........मनुस्मृति, ३/५६

હતી. ભરત મૂર્છિત થાય છે તે વખતે શોક વિહ્વલતાને લીધે તેનું મગજ કામ ન કરતા તે ત્યાં દોડી જઈ ભરતનું માથું પોતાના ખોળામાં મુકી અને વિલાપ કરતા કહે છે. તને શું થયું ? રામ વનમાં ગયો છે હવે સમગ્ર કુળ, રાજવંશ અને રાજગાદી વગેરેની જવાબદારી તારા પર છે. તો તું જાગૃત થા. "રામ વનમાં ગયા તેથી તારી જેમ મને પણ દુઃખ થયું છે. પણ કુળની કીર્તિ તું સાચવીશ એ દષ્ટિએ હું તારા તરફ જોઉં છું."[10] આવા શબ્દો જ કૌશલ્યના મનની તેમજ કૌટુંબિક ભાવનાની ભવ્યતા દષ્ટિગોચર કરે છે. સામાન્ય સ્ત્રીઓની જેમ વેરભાવના ન હતી. કે તે વિચારે કે તેમની માતાના કર્મનું ફળ મળ્યું છે. આ જ કૌશલ્યાના પાત્રની દિવ્યતા જોવા મળે છે.

સ્ત્રી સ્વાભાવિક થોડી ગડબડ બે પ્રસંગોમાં જોવા મળે છે. જેમાં રામનો રાજ્યાભિષેક થવાનો છે તે જાણી આનંદના અતિરેકમાં અને પોતે રાજમાતા બનશે. તે સ્વપ્નમાં રાત્રે ઊંઘી જાય છે. જ્યારે સવારે લક્ષ્મણ વન ગમનના સમાચાર આપી કહે છે કે, આ બધા પાછળ કૈકેયી જવાબદાર છે અને પિતાજીએ તેમના વચનને ખાતર આ બધું કર્યું છે. જો કૈકેયી ને કેદખાનામાં પૂરી દેવામાં આવે તો આ કાર્ય સરળતાથી થાય તે માટે મને સંમતિ આપો. ત્યારે કૌશલ્યા અનુમતિ આપે છે. બીજી વાત લક્ષ્મણના ગયા બાદ દશરથ રડતા રડતા કૌશલ્યા પાસે આવે છે ત્યારે અને શરૂઆતમાં કૌશલ્યા દશરથની નિર્ભત્સના પણ કરે છે. દશરથ ખૂબ આજીજી કરી દિન બને છે. આ દશ્ય જોતા જ તેને પશ્ચાતાપ થાય છે. શોકના આવેગમાં મારી ભૂલ થઈ ગઈ કહી દશરથને આશ્વાસન આપે છે.[11] આમ, તે પોતાનો નિર્ણય બદલે છે. કેવી ભવ્યતા ! ૧૪ વર્ષ પછી રામ ફરી રાજગાદી પર આવશે પણ કૌશલ્યા કહે છે. મારો પુત્ર રાજાગાદી માટે લોલુપ કે લાલચી બનશે નહી. મારે મન ભરત અને રામ બન્ને સરખા જ છે. તેથી રડતી નથી. તેનામાં રાજમાતા થવાની લોલુપતા નથી. આશાની ટોચ ઉપર ગયા પછી નિરાશાની ઊંડી ખીણમાં પડી જવાથી થોડી વાર લાગી આવે તેથી ઉપર્યુક્ત વાતો ક્ષામાપાત્ર ગણી શકાય. કૌશલ્યા વિદુષી હતી. દશરથ સાથે ધર્મશાસ્ત્રો તેમજ રાજશાસ્ત્રોની વાતો કરતી. તેમણે વેદોનો અભ્યાસ કરેલો હતો. કુટુંબમાં ઘણું બધુ આપમાન સહન કરીને પણ શાંત ચિત્તે પોતાનું કર્તવ્ય અને ધ્યેયનિષ્ઠ જીવનનું વૈશિષ્ટ્ય કૌશલ્યાના જીવનમાં દર્શન થાય છે. જેની રામના સમગ્ર જીવન પર અસર થયેલી દષ્ટિગોચર થાય છે. રામના આચરણની ગુરુ એટલે કૌશલ્યા. આમ વાલ્મીકિજીએ કૌશલ્યાના પાત્રને જીવંત બનાવી સમગ્ર માનવીના જીવનમાં ઊંડી છાપ ઊભી કરી છે.

10 વાલ્મીકિ રામાયણ–અયોધ્યા.૭૫/૬૧ થી ૬૫

11 પરમ–પૂજનીય પાડુરંગ શાસ્ત્રી, આઠવલે, વાલ્મીકિ રામાયણ દર્શન સદ્દવિચારદર્શન નિર્મળ નિકેતન કટુંબ સંસ્થા દશરથ પરિવાર. વા.રા. અયોધ્યા. ૬૦/૬૧/૬૨

**(૨) સુમિત્રા :**

વાલ્મીકિ રામાયણમાં સુમિત્રાનું પાત્ર માત્ર એક જ વખત પડદા પર લાવી તેમની ભવ્યતાના દર્શન આપણને કરાવતા જોવા મળે છે. વનમાં જવા માટે લક્ષ્મણ પ્રણામ કરી આજ્ઞા માંગે છે તે વખતે તેના વ્યક્તિત્વનું દર્શન થાય છે. તે વિદાય વખતે કહે છે. रामं दशरथ विद्धि....यथासुखम् ।।[12] આમ પોતાનો નવો પરણેલો, સુખમાં ઉછરેલો પુત્ર કોઈ કારણ વિના જંગલમાં જતો હોય ત્યારે વિરોધ ન કરતા તરત ઉપર્યુક્ત ઉપદેશ આપવો તે અસમાન્ય સ્ત્રી જ કરી શકે. દુ:ખના પ્રસંગમાં પણ કેટલા ભવ્ય વિચારો ! કેવું અદ્‌ભુત વ્યક્તિમત્વ ! રામના જવાથી કૌશલ્યા રડે છે ત્યારે સુમિત્રા આશ્વાસન આપતા કહે છે. વેદાંતની કેવી સમજણ તે બતાવે છે. કારણ કૌશલ્ય કરતા તો સુમિત્રા વધુ દુ:ખી હતી. સુમિત્રા, કૌશલ્યાને કહે છે. રડો નહિ, જેમના ચારિત્ર્યની નિષ્કલંકતા, વૃત્તિની ઉદારતા, જીવનની ગંભીરતા જોઈ સૂર્ય તાપ નહિ આપે, તેની કદર કરશે. વાયુદેવ પ્રસંગોપાત ઠંડા– ગરમ રહેશે તેને અનુકૂલ થશે. રામ જ્યારે સુતા હશે ત્યારે પૃથ્વી માઁ બની સુવડાવશે. ચંદ્ર સંતાપહારક બની રહેશે.[13] તેનો કોઈ વાળ પણ વાંકો નહિ કરી શકે. કારણ કે ઈશસત્તા આપણી પાછળ ઊભી છે. કેટલો આત્મવિશ્વાસ ! આમ પરિસ્થિતિ પ્રમાણે સમાધાન મેળવી લેવાની ઉત્કૃષ્ટ શક્તિનું ભવ્ય ચરિત્ર એટલે સુમિત્રા.

**(૩) કૈકેયી :**

વાલ્મીકિ રામાયણના આ પાત્ર વિશે આજે ઘણી બધી ગેરસમજ પ્રવર્તતે છે. તેમના એકાદ દોષને ધ્યાનમાં લઈને સમાજે તેને ખરાબ દર્શાવી છે. પણ ખરેખર મને લાગે છે કે, દશરથના યુદ્ધભૂમિમાં રથ તૂટયાં પછી તેમણે જે સાહસ અને વિરતા દર્શાવી છે તે જ બતાવે છે કે તે વિરાંગના હતી, આજના સમયની જેમ કોઈ કોઈ સ્ત્રીના પર ગમે તેવા અત્યાચાર કરે તો કહે મારાથી શું થાય ? આમ કહી રડવા કે ડરવા બેસનાર આ પાત્ર નહોતું. પોતાના ધણીનું રક્ષણ કરવાનું, તેનામાં સામર્થ્ય હતું.[14] તે દૃષ્ટ કે કાવતરાખોર હતી જ નહિ. "वृद्धस्य तरूणी भार्या" વૃદ્ધ પતિની તે તરુણ ભાર્યા હતી. તેમે તેને વધારે લાડ મળતા, પરિણામે થોડો ઘણો અહંકાર સ્વાભાવિક છે. રાજા દશરથ તેના પર મોહિત હતા જેથી તેને અહંકાર આવે તે એકદમ નૈસર્ગિક લાગે છે. આટલી પત્નીઓમાં પતિ પોતાનું જ માને એટલે આ અહંકાર થવો સ્વાભાવિક છે. વાલ્મીકિ રામાયણમાં કહે છે કે, અહંકારના પેટમાં અવિવેક હોય છે. તેના લીધે અકાર્ય થાય છે. જેના કારણે તે ઘણી વખત બીજાનું અપમાન કરતી, તેમાં કૌશલ્યાનું પણ અપમાન કરે છે. કૈકેયીના પાત્રમાં તે કયાંય કાવતરા ખોર લાગતી નથી તેનું કારણ રાજાના રાજ્યાભિષેકના સમાચાર

12 વા.રા.અયોધ્યા.૪૦/૪–૯
13 વા.રા.અયોધ્યા.૪૪/૧–૧૦
14 શાંતિકુમાર નાનુરામ વ્યાસ, રામાયણ કાલિન સમાજ, સસ્તુ સાહિત્ય દિલ્હી, નારીધર્મ–પૃ.૧૫૧

લાવનારને તે આનંદિત થઈ બક્ષિસ આપવા જાય છે તેના પરથી ખબર પડે છે.[15] પણ મથરા તેમનામાં રાજમાતા બનવાની મહાત્ત્વાકાંક્ષાને ઉજાગર કરે છે. આ સાંભળીને કૈકેયી "માટે રાજામાતા બનવું જોઈએ."ની મહાત્ત્વાકાંક્ષાનો ભોગ બને છે. આમ વાલ્મીકિ આ પાત્રોને જીવંત બનાવી એ બતાવે છે કે સંસારમાં સુખની ટોચ પર હોય ત્યારે મંથરા જેવા ઘણા પાત્રો માર્ગે મળે છે. જેના કારણે કુટુંબમાં વિક્ષેપ નિર્માણ થાય છે. કુટુંબ છિન્ન–ભિન્ન થતા જોવા મળે છે. તેથી મહાત્ત્વાકાંક્ષી કૈકેયી બે વરદાન માંગે છે. સ્વભાવથી તે દુષ્ટ હોત તો આવું થાત જ નહિ. પણ રામાયણ વાંચતા ખબર પડે કે તેનામાં બાલિશતા હતી. તે માત્ર આનંદ–પ્રમોદમાં મસ્ત રહેતી. રામના રાજ્યાભિષેકની ખબર પૂરા રાજ્યમાં હોવા છતા તે અજાણ છે તે જ બતાવે છે કે, કાવતરા ખોર પણ નહોતી નહી તો સમગ્ર રાજ્યના સંચાલક એવા રાજા દશરથ સૌથી વધુ તેમની સાથે રહેતા હતા. જો તે આવી હોત તો બધી આજ્ઞાઓ પોતાના મહેલમાંથી ન આપત.

કૈકેયીના પિતાએ, દશરથ પાસેથી માંગેલા વરની પણ તેમને ખબર નહોતી. તેની તેને માહિતી જ નહોતી તે જ વાત બતાવે છે કે, તેમાં મુત્સીદી પણ નથી. તે જો કાવતરાખોર હોત તો પૂરા અયોધ્યામાં તેના જાસૂસો ન ફરતા હોત, પણ તેવો કયાંય ઉલ્લેખ રામાયણમાં જોવા મળતો નથી. અરે, ભરત જ્યારે તેની નિર્ભત્સના કરી ભૂલ બતાવે છે ત્યારે તે પોતાની ભૂલ કબૂલ કરી રામને લેવા જનાર લોકોમાં સૌ પ્રથમ આગળ બેસી જાય છે. જેમણે આટલી બધી મુશ્કેલી ઊભી કરી હોય, રામને જંગલમાં મોકલ્યા હોય તે સૌ પ્રથમ તૈયાર થાય છે.[16] તે તેના સ્વભાવની સરખતા બતાવે છે. તેથી રામે કયારેય કૈકેયી તરફ અપમાની દષ્ટિથી ન જોતા માતાની દષ્ટિથી જે અને છેલ્લે સુધી 'માતા' કહીને બોલાવતા રહ્યા છે. તે જ આ રામાયણના કૈકેયીના પાત્રની ભવ્યતાના દર્શન કરાવે છે.

- **સીતા :**

વાલ્મીકિ રામાયણમાં રામાયણકાળની નારી સંસ્કૃતિને ઉજાગર કરવાનું સુગમ કાર્ય વાલ્મીકિએ કર્યું છે. "નારીની પરિસ્થિતિ જ કોઈપણ સમાજની સભ્યતાનો સાચો માપદંડ છે." હિન્દુ સંસ્કૃતિની પાંચ પ્રાતઃ સ્મરણીય મહાન નારીઓ (અહલ્યા, દ્રોપદી, સીતા, તારા, મંદોદરી)માંથી ૪ રામાયણમાંથી પ્રાપ્ત થાય છે. જેના લીધે જ રામાયણ પુરુષ પ્રધાન કાવ્યની જગ્યાએ સ્ત્રીપ્રધાન કાવ્ય જેવું લાગે છે. જ્યારે જનકરાજા યજ્ઞ–ક્ષેત્રમાં હળ ચલાવી રહ્યા હતા ત્યારે એક શિશુ કન્યા પડેલી મળી, જેમના બધા જ અંગો ધૂળથી ભરેલા હતા. નજીકમાં કોઈ મનુષ્ય દેખાતું નહોતું પૌરાણિક માન્યતા અનુસાર સીતા પૃથ્વી ફાડીને નિકળ્યા હતા. "अहं किलोत्थिता भित्वा जगती नृपतेः सुता (वा.रा.२/११५/२५) પણ આ વાત તર્કગમ્ય

15 વા.રા.અધ્યોયા.૭/૩૨–૩૬
16 વા.રા.અધ્યોયા. સર્ગ–૮૨

નથી લાગતી.[17] પણ ખરેખર વાલ્મીકિને આવું સીતા જેવું ભવ્ય સ્ત્રીરત્ન માનવીના પેટમાં નિર્માણ થાય તે અશકય લાગ્યું હશે જેથી તેમને અયોનિજ રાખ્યું છે. કારણ વાલ્મીકિને વિશ્વાસ હતો કે હજારો વર્ષ સુધી આ પાત્ર લોકહૃદયમાં પ્રસ્થાપિત રહેશે. માનવોમાં માંગલ્ય લાવશે. માર્ગદર્શક બનશે, સ્ત્રીઓનો અંતિમ આદર્શ બનશે. જેથી કરીને વાલ્મીકિ પણ સીતાના પૂર્વજન્મના વિશે વધુ માથાકૂટમાં ન પડતા એમને પણ લાગતું કે આવું સ્ત્રીરત્ન માતાના માતાના ઉદરમાં જન્મશે કે કેમ ? એના માટે આપણે સહૃદયી બની સીતાના પાત્રને જોઈશું તો જરૂર વાલ્મીકિ આપણે ખરા લાગશે. સીતાજી કોઈપણ અપ્સરા કરતા સવિશેષ સૌંદર્યવાન હતા. જેનું વર્ણન કરતા વાલ્મીકિ પણ ન્યાય આપી શકતા નથી. કારણ જેના માતા–પિતા આવા દિવ્ય હોય તેના હાથમાં આવું રત્ન ઉછેરવું જોઈએ તે અતિ મહત્ત્વનું છે.

વાલ્મીકિ કહે છે. मिथिलायां प्रदग्धायां...... આવું બોલનાર મહાપુરુષ વિદેહી જનકને નિયતીએ સીતાના પિતા તરીકે નક્કી કર્યા છે. જેનું વર્ણન ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે. આવા વિદેહીના પગ પાસે બેસીને તે સીતાએ લોકોત્તરતાના, સૌજન્યના, પ્રેમ અને ચારિત્ર્યના પાઠ લીધા હતા. આવા સુકોમળ, સૌંદર્યશીલના પતિ પણ નિયતીએ નક્કી કરી રાખ્યા હતા. તેથી સીતાના લગ્ન એ જનકના માટે સૌથી મોટો પ્રશ્ન હતો. કારણ કે પુત્રીના જન્મથી  લઈને યોગ્ય પાત્ર, સુખી સંસાર માટે હંમેશા પિતા ચિંતિત રહે છે. જો સામાન્ય બાપને આટલી ચિંતા હોય તો જેના જન્મ, સંસ્કારો અને જીવન અદ્વિતીય છે તેવા જનકને ચિંતા હોય તે સ્વાભાવિક છે. જેથી સામાન્ય પાત્ર સાથે આવા અદ્વિતીય પાત્રના લગ્ન ન થાય તે માટે શિવધનુષ્યની પ્રત્યંચા જે ચડાવે તેને સીતા આપવી આવી આકરી શરત જનકે રાખી હતી.[18] કોઈ મહાબળવાન ધનુષ્ય ઉંચકી શકતો પણ નહોતો તેમા રામે તેનો ભંગ કર્યો. આ નિયતિની અપૂર્ણતા રામે પૂર્ણ કરી અને સુવર્ણ જેવી તેજસ્વી વ્યક્તિને જનકે સીતા જેવું લાવણ્યરત્ન આપ્યું. આદર્શ, દિવ્ય અને પવિત્ર સંચાર થવો જોઈએ એવી જેની અભિલાષા હોય તેવી સ્ત્રી તેવો પતિ શોધે છે કે, જેની સામે આદરભાવથી પોતાનું મસ્તક નમી જાય.

રામ વિશે વાત કરતા સીતા મહાસતી અનસૂયાને કહે છે, ‘‘તેમના અલૌકિક શૌર્ય તેમજ લોકોત્તર વિવેક અને વિનય જોતા મારી ગરદન આદર ભાવથી નીચી નમી ગઈ.’’[19] કારણ કે સીતા જેવું લાવણ્યરત્ન છે. રામનું ચડતું લોહી છે. છતા વિવેકથી ‘‘પિતા કહે તો સ્વીકારું’’ કહેવું તેજ તેમના આર્યત્વની ભવ્યતાના દર્શન કરાવે છે. સીતાનું સૌંદર્ય તો હતું જ પણ લોકોત્તર ગુણો તેમનાથી પણ દિવ્ય હતા. કેમ કે રામ અને સીતાના સૌંદર્ય તથા ગુણોનું વર્ણન વાંચીએ ત્યારે સૌંદર્ય વધે કે ગુણો તેજ નક્કી નથી થઈ શકતું. માત્ર

17 શાંતિકુમાર નાનુરામ વ્યાસ, રામાયણ કાલિન સમાજ, સસ્તુ સાહિત્ય દિલ્હી, નારીધર્મ–પૃ.૧૪૬
18 વા.રા.અયોધ્યા.,૧૮૮/૩૪–૪૨
19 વા.રા.આરણ્ય., ૧૩/૧૭–૨૩

રામની મુખાકૃતિ જોઈને જાણી લેનાર સીતાના દામ્પત્ય જીવનનો ઉચ્ચત્તમ સંસાર વાલ્મીકિએ નિરૂપ્યો છે. રામ આગળ મોક્ષ પણ સીતાને તુચ્છ લાગતો હતો તો સામે રામ પણ તેના માટે તેવી જ ભાવના ધરાવતા હતા. સીતાની ભવ્યતાના દર્શન તો ત્યારે થાય છે કે, સાસુઓને પોતાના દિકરા કરતા સીતાની વનમાં જવાની વાતથી વધારે દુઃખી થાય છે. આજ સીતાના વર્તનની ઉચ્ચતા દેખાડે છે કે પુત્ર કરતા પુત્રવધુ પર વધારે પ્રેમ નિર્માણ થયો જે આજના સમયની વિચાર કરી મૂકે તેવી ઘટના છે.

પંચવટીમાના રમ્ય સંસારનું વર્ણન (આરણ્યકાંડ) છે.[20] તે વાંચી લીધા પછી માનવીને પણ એમ થાય કે હું પણ વનમાં જાઉં. જ્યારે સીતાએ માયાવી મૃગ જોયો ત્યારે વિલોભનીય દષ્ટિથી રામને જોવા લાગી અને કહે 'મૃગ જોઈએ' લક્ષ્મણના બુદ્ધિવાદે ના કહી તે માયાવી છે, આપણને છેતરવા આવ્યો છે. પણ રામ પર તેની અસર ના થઈ કારણ લક્ષ્મણના બુદ્ધિવાદ કરતા સીતાનું ભાવપૂર્ણ અંતઃકરણ એટલું બધું હતું કે તેનો પ્રેમ જોઈ રામે ક્ષણનો પણ વિચાર ન કરતા કૂદકો માર્યો છે. સીતાના જીવનનો આ સુવર્ણકાળ હતો. સીતાને સુખ મળ્યું નથી. આવું કહેવાવાળાએ ખરેખર રામાયણનો અભ્યાસ કર્યો નથી તેવું ફલિત થાય છે. જગતમાં સૌંદર્ય અને ગુણો સાથે રહેલા ભાગ્યે જ જોવા મળે છે. સીતામાં કેવળ સૌંદર્ય જ નહીં ટોચના ગુણો પણ હતા. એના ગુણોથી તેનું જીવનસૌંદર્ય નિર્માણ પામ્યું હતું. આજના સમયમાં જ્યાં માત્ર એક સાસુના સાથેના સંબંધમાં મુશ્કેલી ઊભી થાય ત્યારે સીતાએ પોતાના ગુણોથી ત્રણ–ત્રણ સાસુઓનો પ્રેમ મેળવ્યો હતો. આટલું જ નહીં કુટુંબના પ્રત્યેક વ્યક્તિનું મન સીતાયે પોતાના તરફ ખેચ્યું હતું. બીજાના ઘરે જઈ બીજાને આપણાં કરવા એ માત્ર સ્ત્રીઓ જ કરી શકે. ખરેખર જેનું મો પણ જોયું નથી તેવાને પોતાના કરવા આ સ્ત્રીઓની અલૌકિક શક્તિ પ્રભુના આશીર્વાદ છે. અયોધ્યાની પ્રત્યેક સ્ત્રી સીતાને પોતાના આદર્શ તરીકે જોતી. આટલું જ નહીં તેના ત્યાગ અને પ્રેમની ભાવનાને લીધે જંગલના તપસ્વીઓ પણ તેના તરફ પ્રેમથી જોતા. એટલે જ તો અત્રી ઋષિના આશ્રમમાં ઋષિ પત્નિ અનસૂયા કહે છે કે, "હે પતિવ્રતા સીતા ! તને શું આશીર્વાદ આપું ? તારાથી તો બંને કુળનો ઉદ્ધાર થયો છે. બીજી બાજું અગત્ય મુની પણ રામને ઉપદેશ આપતા કહે છે." કઠોર કર્તવ્યાપરણ કરનારી સીતા જેવી સ્ત્રીનું બધુ જ પ્રિય કરજો.[21]

રામ વનાના દુઃખો વિશે જણાવે છે છતા સીતાને કોઈ અસર થતી નથી તે જ તેનો રામ પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. વનના દુઃખોના વર્ણનની કોઈ અસર નથી થતી. સીતા બુદ્ધિમાન અને વિવાદકુશળ હતી. તેથી તો કહે છે. તમારી બધી વાત કદાચ સાચી હશે. પણ જગત શું માનશે ? વનમાં દુઃખ છે, તેથી સીતા વનમાં ન ગઈ એમ નહિ. પણ આપણો જમાઈ માયકાંગલો જ છે. આવું જનક અને મિથિલાના પ્રજાજનો માનશે.

20 વા.રા.અયોધ્યા., ૧૩/૧૭–૨૩
21 વા.રા.અયોધ્યા.,૧૧૭/૧૧૮

એક સ્ત્રીનું પોતાના સામથ્યથી રક્ષણ કરવા અસમર્થ હોવાથી રામ સીતાને વનમાં ન લઈ ગયો. અર્થાત્ તમારી આબરૂ માટે આવવું પડશે.[22] આ સાંભળતા જ રામ તેને સાથે લઈ જવા તૈયાર થાય છે. સીતાના બુદ્ધિપ્રાગલ્ભ્યને લીધે રામે તેની જોડે શાસ્ત્રોની તત્ત્વજ્ઞાનની વાતો કરી છે. (અરણ્યકાંડ) જેમાં સીતાના બુદ્ધિમતા અને વિદ્વતાના દર્શન થાય છે. આટલી બુદ્ધિમાન અને વિદુષી સ્ત્રી પતિમાં પોતાના વ્યક્તિત્ત્વનું વિલીનીકરણ કરવું અઘરૂ લાગે છે. તેમણે ખરેખર વાલ્મીકિની વર્ણન કરેલી સીતા જરૂર જોવી ઘટે. રામ પરના અનહદ પ્રેમના લીધે વનમાં જવું કે ન જવું એવી શંકા પણ ન ઉપજી. પોતાના બધા જ ઘરેણા કાઢી નાખ્યા છે અને વનવાસી વસ્ત્રો ધારણ કર્યા છે. જેમાં ઘરેણા કાઢી આપવા એ આજે સ્ત્રીઓ માટે આશ્ચર્યની વાત છે.[23]

સીતાજીએ આજની સ્ત્રીઓને લગ્ન જીવનનો દિવ્ય આદર્શ સમજાવ્યો છે. લગ્ન એટલે મોજ શોખની કલ્પના આવી કે છૂટાછેડા વધ્યા સમજો. સંસાર માત્ર સુખ માટે જ નથી એ સીતાએ સ્પષ્ટ સમજાવ્યું છે. સીતાએ પૂર્ણ વિચાર કરીને રામ પર પ્રેમ કર્યો છે. તેથી કહે છે. दीनो वा राज्यहीनो वा यो मे भर्ता स मे गुरु...। હું રામ જોડે પરણી છું. સંસારના સુખ માટે પરણી જ નથી. ખરો સંસાર આત્મસમર્પણમાં છે. વ્યક્તિસ્વાતંત્ર્યમાં નહી જે સીતાએ સમજાવ્યું છે.

લવ–કુશ વખતે જ્યારે સીતા પાછી આવે છે ત્યારે તે નિષ્પાપ સીતા ઊભી છે ત્યારે રામ વાલ્મીકિને કહે છે. સીતાના સંબંધમાં મને જરા પણ શંકા નથી. પૌરજનોને સમજાવવા. ઈક્ષ્વાકુ કુળની પ્રતિષ્ઠા ખાતર મારે આમ કરવું પડ્યું છે ત્યારે સીતા ખૂબ મોટી ભયંકર પ્રતિજ્ઞા કરે છે કે, કર્મણા, મનસા કે વાચાથી પણ મે બીજાને પ્રેમ કર્યો નથી. તો માં પૃથ્વી મને તારામાં સમાવી લે ત્યારે ખુદ વસુંધરા સિંહાસન લઈને આવે છે. જેના માટે સિંહાસન આવ્યું હોય તેનું દુનિયામાંથી જવું જ દિવ્ય છે. અગત્સ્યએ સ્વયં જઈને જે સીતાજીનું પોતાના શિષ્યો સાથે સન્માન કરીને કહ્યું હોય કે આજથી આ દેશની શોભા વધી ગઈ છે.[24] એમના ગયા પછી રામની આંખોમાં આસુંના પૂર આવ્યાં હતાં. અયોધ્યાવાસીઓની તેની નિષ્કલંકિતતા સિદ્ધ થઈ પણ તે દિવ્ય સીતા મર્યાદાપુરુષોતમને પાછી ન મળી. તેનું બલિદાન એ અમર દિવ્ય કરુણ પ્રસંગ છે. આંખોમાં આસું આવી જાય તેવો પ્રસંગ છે. લોકો કરુણાંતિકામા માને છે. પણ ખરેખર જેમના જીવનની દિવ્ય શરૂઆત તેમજ જેનો અંત દિવ્ય છે. જે પુષ્પે જગતને માર્ગદર્શન આપ્યું, જગતમાં ગુણોને સંક્રાંત કર્યા અને જેના લીધે વાલ્મીકિ રામાયણનું મહત્ત્વ વધ્યું. તેવું સીતાનું પાત્ર જગતની તમામ સ્ત્રીઓને માર્ગદર્શીત કરનારું બન્યું.

---

22 વા.રા.અયોધ્યા., ૩૦/૨–૪૭

23 વા.રા.અયોધ્યા.,૩૦/૪૪–૪૬

24 શાંતિકુમાર નાનુરામ વ્યાસ, રામાયણ કાલિન સમાજ, સસ્તુ સાહિત્ય દિલ્હી, નારીધર્મ–પૃ.૧૮૭

આમ, રામાયણકાલીન સમાજમાં સ્ત્રીઓના પ્રત્યેનો દષ્ટિકોણ વિવિધ પહેલુઓ પર નિર્ધારિત છે. પુરુષોના મનની સ્થિતિ, અનુભવ, શારીરિક તેમજ અન્ય પરિસ્થિતિમાં સ્ત્રીઓ પ્રત્યેનો એનો દષ્ટિકોણ દેખાય આવે છે. છતા રામાયણમાં નિદિષ્ટ વિવિધ સ્ત્રીઓના પાત્રોના લીધે આ નિષ્કર્ષ સરળતાથી નીકળે છે કે, બધુ મળીને આ યુગમાં સ્ત્રીઓની પરિસ્થિતિ મોટાભાગે સુખદ હતી. તત્કાલીન પરિસ્થિતિઓની જેમ સ્ત્રીઓ કન્યા, નારી, પત્નિ, માતા અને વિધવાના રૂપમાં સમસ્ત સુવિધા અને અધિકાર પ્રાપ્ત હતા. અને જેના સહારે તે પરિવાર સમાજ અને રાષ્ટ્રના સહયોગમાં તેમજ રાષ્ટ્રીય ઉત્થાનમાં તેઓનું બહુમૂલ્ય યોગદાન હતું.[25]

25 શાંતિકુમાર નાનુરામ વ્યાસ, રામાયણ કાલિન સમાજ, સસ્તુ સાહિત્ય દિલ્હી, નારીસમાજમાં–પૃ.૨૦૭